## અમારો સંપર્ક સાધવો

Contact a Family નો સંપર્ક સાધો:

**0808 808 3555**

સોમવાર - શુક્રવાર સવારે 10 થી સાંજે 4 સુધી અને સોમવારે સાંજે 5.30 થી 7.30 ખુલે છે.

**આ કોલ મફ્ત થાય છે**

અમે કુટુંબના સભ્યો, મિત્રો અથવા કુટુંબને સારી રીતે જાણતા હોય તેઓ દરેકને માહિતી આપવા રાજી છીએ.

ઓનલાઈન :

**www.cafamily.org.uk**

**www.makingcontact.org**

આ માહિતીપત્રિકાનો અન્ય ભાષામાં અનુવાદ

Contact a Family, પાસેથી ઉપલબ્ધ છે

## ટેલિફોન ઈન્ટરપ્રિટરની સેવા

તમે Contact a Familyનો સંપર્ક સાધીને 100 કરતા વધુ ભાષાઓમાં યોગ્યતા મેળવેલ ઈન્ટરપ્રિટરની સુવિધા મેળવી શકો છો.

આ સેવાનો ઉપયોગ કરવા માટે :

- Contact a Familyને **0808 808 3555** ઉપર ટેલીફોન કરો
- તેઓને તમારો ટેલીફોન નબંર આપો
- તમને કઇ ભાષામાં મદદ જોઇએ છે તે જણાવો
- જો તમે થોડુ અંગ્રેજી જાણતા હો, તો તમને કેવા પ્રકારની મદદ મેળવવી છે તે વિષે તેઓને અંગ્રેજીમાં કહો
- થોડી મીનીટોમાં તમને મદદ કરવા માટે કોઇ એક ઈન્ટરપ્રિટરની સાથે તમને ટેલિફોન કરશે.

LOTTERY FUNDED

આ માહિતીપત્રિકા પેરેન્ટસ એન્ડ પીડીઆટ્રીશ્યન્સ ટુગેધર પ્રોજેક્ટના ભાગ રૂપે બહાર પાડવામાં આવેલ છે અને તેને બીગ લોટરી ફંડ મારફ્ત ભંડોળ મળેલ છે.

રજીસ્ટર્ડ ઓફિસ : 209-211 City Road,
London EC1V 1JN
રજીસ્ટર્ડ ચેરિટી નંબર : 284912
કંપની લીમીટેડ બાય ગેરન્ટી
ઈંગ્લેન્ડ અને વેલ્સમાં રજીસ્ટર થયેલ છે, નંબર. 1633333
VAT રજીસ્ટ્રેશન નંબર. GB 749 3846 82

આ માહિતી પુસ્તિકા ખરી છે તેની ખાતરી કરવા માટે માહિતી ભેગી કરવા અને તૈયાર કરવામાં ઘણીં કાળજી લેવામાં આવી છે, અને કોઇ ભુલો અથવા માહિતી રહી ગઇ હોય તો Contact a Family તેની જવાબદારી નહીં લઇ શકે.

તમારા બાળક વિષે ચિંતિત છો? – ગુજરાતી પત્રિકા

© Contact a Family, માર્ચ 2007

**contact a family**
for families with disabled children







- વાચા
- ખવડાવવુ
- કોઓર્ડીનેશન (સુમેળ)
- દાંત
- ટોઇલેટ ટ્રેનિંગ
- શિખવુ
- વર્તણૂંક
- ઉંઘ

# તમારા બાળક વિષે ચિંતિત છો?

## આ લોકો કદાચ તમારી મદદ કરી શકે

ઓર્ડર કોડ: C5

**માતાપિતા અને પીડીઆટ્રીશ્યન્સ સાથે**

Contact a Family રોયલ કોલેજ ઓફ પીડીયાટ્રીશ્યન એન્ડ ચાઇલ્ડ હેલ્થ સાથે કામ કરે છે.

**તમારા બાળકને અમુક મહત્વપૂર્ણ તબક્કાને આંબવામાં મુશ્કેલી પડે છે?**

**મદદ અને સલાહ લેવામાં ક્યારેય મોડુ નથી થયેલ હોતુ.**

તમારા બાળકનો વિકાસ ફક્ત ધીરો છે અને સમય જતાં તેઓનો વિકાસ સામાન્ય થશે કે પછી તમારે મદદ માંગવાની જરૂર છે તે નક્કી કરવુ ઘણુંજ મુશ્કેલ હોઈ શકે છે.

કેટલાક બાળકો માટે જલદી મદદ મેળવવાથી ઘણોંજ ફાયદો થઈ શકે છે અને ઘણાં લોકો છે કે જેઓ મદદ કરી શકે છે.

તમને તમારા બાળકને લગતી કોઈ પણ ચિંતાઓ હોય તો તે વિષે તમારા ડોક્ટર (GP), Health Visitor (હેલ્થ વિઝીટર) અથવા નર્સ સાથે વાતચીત કરી શકો છો.

એક ડોક્ટર અથવા નર્સ કદાચ તમારા બાળકને એક Paediatrician (પીડીઆટ્રીશ્યન) પાસે લઈ જવા માટે કહે કે જેઓ તમારા બાળકને કોઈ પણ સમસ્યા હોય તો તે ઓળખવાનો પ્રયત્ન કરે અને કદાચ સ્પેશ્યાલીસ્ટ (નિષ્ણાત)ને મળવા જવા માટેનું સૂચન કરે.

જો તમારા બાળકને એક હોસ્પિટલ અથવા ક્લિનિકમાં જોવામાં આવી રહ્યા હોય તો તમે હંમેશા નર્સ અથવા ડોક્ટરને તેઓની શું સલાહ છે તે પુછી શકો છો.

સ્થાનિક બાળકો માટેના કેન્દ્રો પણ સલાહ પૂરી પાડી શકે છે અને રમત અને શિખવાના અનુભવો મારફત તમારા બાળકના વિકાસમાં મદદ કરી શકે છે. સ્કોટલેન્ડમાં આને ફેમિલી સેન્ટરો અથવા અરલી યર્સ સેન્ટરો કહેવામાં આવે છે.

જ્યારે તમારા બાળકનો જન્મ થાય છે ત્યારે તમને એક પર્સનલ ચાઈલ્ડ હેલ્થ રેકોર્ડ (બાળકના આરોગ્યની અંગત નોંધો) આપવામાં આવે છે. આ તમને એ નક્કી કરવામાં મદદ કરે છે કે તમારા બાળકનો વિકાસ ધીમો છે કે નહીં. તેને અપ-ટુ-ડેટ રાખવાનો પ્રયત્ન કરો અને તમે તમારા ડોક્ટર અથવા હેલ્થ વિઝીટરને મળવા જાવ ત્યારે સાથે લઈ જાવ.




જે શબ્દો ઘાટા અક્ષરોમાં દેખાય છે તે વિષે આ દસ્તાવેજના અંતે વધુ માહિતી આપેલ છે.

જ્યારે શબ્દનું ભાષાંતર નથી કરી શકાતુ ત્યારે કૌંસમાં તેજ શબ્દ ગુજરાતીમાં ભાષાંતર કર્યા વગર લખાયેલ છે.





## વાચા અને વાતચીત ક્ષમતા

*ચાલુ...*

**જો તેઓની જ ઉંમરના અન્ય બાળકોની સરખામણીમાં તમારૂ બાળક સામાન્ય શબ્દો સમજવામાં ધીરુ હોય, ઓછા શબ્દો વાપરતુ હોય, અથવા તેને અમુક અવાજો કરવામાં મુશ્કેલી હોય.**

એક ડોક્ટર અથવા Health Visitor (હેલ્થ વિઝીટર) તમને કદાચ નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- એક Audiologist (ઓડીયોલોજીસ્ટ) કે જેઓ સાંભળવાની મુશ્કેલી હોય તેવા બાળકો સાથે કામ કરે છે અને સાંભળવાની ક્ષમતામાં વધારો કરવામાં મદદકર્તા સાધનો વિષે સલાહ આપી શકશે.
- એક Speech and Language Therapist (સ્પીચ અને લેન્ગ્વેજ થેરાપીસ્ટ) કે જેઓ તમારી અને તમારા બાળક સાથે વાતચીત ક્ષમતાનો વિકાસ કરવા માટે કામ કરી શકે. જો બાળક બોલી ના શકતુ હોય તો તેઓ બાળકને વાતચીત માટેના અન્ય માર્ગો શોધવામાં મદદ કરી શકે છે.

જો તમારૂ બાળક પાંચ વર્ષ કરતા નીચેની ઉંમરનું હોય તો તેઓ કદાચ તમને નીચેના સૂચનો કરે:

- એક Pre-school Home Visiting Service (ઘરે મુલાકાત લેવાની સેવા) તમારા બાળકને જલદી વાતચીત કરવા અને સ્કૂલે જવાની ઉંમર કરતા પહેલાની શિખવાની કુશળતાઓ માટે મદદ કરી શકે છે.
- Nursayr or Play School/Group નર્સરી અથવા પ્લે સ્કૂલ/ગ્રૂપ જેઓ પાસે તમારા બાળકને સામાજીક કુશળતાઓના વિકાસમાં મદદ કરવા માટેની તાલિમ હોય છે.



## ધવડાવવુ અને ખવડાવવુ

જો તમારા બાળકને ગળવામાં, ખાવામાં, અને પીવામાં મુશ્કેલી હોય અથવા તેઓ ખાવાની આનાકાની કરતા હોય

તમારા Health Visitor (હેલ્થ વિઝીટર) તમને ખવડાવવા વિષે સલાહ આપી શકે છે જેમાં સ્તનપાન (બ્રેસ્ટફીડીંગ), બોટલ મારફત દુધ પીવડાવા, અને તેઓને સોલીડ (સખત) ખોરાક ખાતા કરવા વિષે સલાહ સામેલ છે.

એક ડોક્ટર અથવા Health Visitor (હેલ્થ વિઝીટર) તમને કદાચ નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- એક Speech and Language Therapist (સ્પીચ અને લેન્ગ્વેજ થેરાપીસ્ટ) કે જેઓ ગળવાને લગતી શારિરીક મુશ્કેલી હોય તેવા સંજોગોમાં મદદ કરી શકે છે.
- એક Dietician (ડાયેટીશ્યન) કે જેઓ ખોરાક, પૌષ્ટિક આહાર અને પોષણ વિષે સલાહ આપી શકે છે.
- એક Clinical Psychologist (ક્લિનિકલ સાઇકોલોજીસ્ટ) કે જેઓ તમારા બાળકને ખાવા માટે ઉત્તેજન કેવી રીતે આપવુ તે માટે મદદ અને સલાહ પૂરી પાડે છે.



## હલનચલન અને સુમેળ

જો તેઓની જ ઉંમરના અન્ય બાળકોની સરખામણીમાં તમારા બાળકને બેસવા, ચાલવા, વસ્તુઓ પકડવા, અથવા તેઓના શરીરના અમુક અંગોને વાપરવામાં મુશ્કેલી પડતી હોય.

એક ડોક્ટર અથવા Health Visitor (હેલ્થ વિઝીટર) તમને કદાચ નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- એક Physiotherapist (ફીઝીયોથેરાપીસ્ટ) કે જેઓ તમને તમારા બાળકના હલન ચલન અને સુમેળમાં સુધારો કરવા માટે મદદ કરી શકે તેવી કસરતો વિષે સલાહ આપી શકશે.
- એક ઓક્યુપેશનલ થેરાપીસ્ટ તમારા બાળકના હલન ચલન અને સુમેળની આંકણી કરશે અને રોજબરોજની પ્રવૃત્તિઓમાં મદદ કરવા માટે સલાહ પૂરી પાડશે અને સાધનોની ભલામણો કરશે.

જેમ જેમ તમારૂ બાળક મોટુ થશે અને તેઓની પરિસ્થિતી (બીમારી)માં ફેરફાર થશે તેમ તેમ તેઓને કદાચ વધુ મદદની જરૂર પડે. પાછા જઈને વધુ મદદની માંગણી કરતા અચકાશો નહીં.





## દાંત

જો તમારા બાળકને દાંત સાફ કરવાનું અથવા ડેન્ટીસ્ટ પાસે જવાનું મુશ્કેલ લાગે તો.

એક ડોક્ટર અથવા Health Visitor (હેલ્થ વિઝીટર) અથવા Local Dentist (સ્થાનિક ડેન્ટીસ્ટ) તમને કદાચ નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- એક Community Dentist (કોમ્યૂનિટી ડેન્ટીસ્ટ) કે જેઓને બાળકો સાથે કામ કરવા માટે તાલિમ મળેલ હોય છે અને અક્ષમતા ધરાવતા બાળકો સાથે કામ કરવા માટે તેઓ પાસે ખાસ સાધનો હોય છે.



## ટોઇલેટની તાલિમ અને ઝાડા તથા પેશાબ ઉપર કાબુ ન હોવો

જો તમારૂ બાળક તેઓના ઝાડા અથવા પેશાબ ઉપર કાબુ કેળવવામાં ધીરૂ હોય

તમારા હેલ્થ વિઝીટર તમને ટોઇલેટની તાલિમ વિષે સલાહ આપી શકે છે.
તેઓ કદાચ તમને નીચેનાને મળવા માટે ભલામણ કરે:

- એક કોન્ટીનન્સ એડવાઇઝર જેઓ તમને તમારા બાળક ઝાડા અથવા પેશાબ ઉપર કાબુ ન રાખી શકતા હોય તો તે વિષે સલાહ અને વ્યવહારૂ મદદ પૂરી પાડી શકશે.
- એક પીડીઆટ્રીશ્યન જેઓ તમારૂ બાળક આ માટે મુસ્કેલી શા કારણોસર અનુભવે છે તેના તબિબિ કારણોંની તપાસ કરશે.
- એક ક્લિનિકલ સાઇકોલોજીસ્ટ કે જેઓ તમારા બાળકને ટોઇલેટનો ઉપયોગ કરવા માટે ઉત્તેજન કેવી રીતે આપવુ તે વિષે સલાહ આપી શકે છે.

જો બાળકને 3 વર્ષ કરતા વધુ ઉંમરના હોય તો પણ નેપીની જરૂરીયાત હોય તો કેટલીક વખત નેપી અને ઝાડા અને પેશાબની ઉપર કાબુને લગતા સાધનો આપવા મારફત NHS મદદ કરી શકે છે. તમારા હેલ્થ વિઝીટર અથવા GP તમને આ સેવાઓ વિષે વધુ માહિતી આપી શકે છે.



## શિખવામાં મુશ્કેલી અથવા એકાગ્રતાની કુશળતા ઓછી હોવી

જો તમારા બાળકને માહિતી સાંભળવામાં, પ્રારંભિક શિક્ષણની કુશળતાઓ શિખવામાં અથવા વિનંતીઓનો પ્રત્યુત્તર આપવામાં મુશ્કેલી હોય

એક ડોક્ટર અથવા Health Visitor (હેલ્થ વિઝીટર) તમને નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- 5 વર્ષ કરતા નીચેની ઉંમરના બાળકો માટેની એક નર્સરી અથવા પ્લે સ્કૂલ/ગ્રૂપ કે જેઓ પાસે તમારા બાળકને નવી કુશળતાઓ શિખવામાં તાલિમ મેળવેલ લોકો હશે
- તમારૂ બાળક સ્કૂલે જવાનું શરૂ કરે તે પહેલા તેઓને વાતચીત અને શિખવાની કુશતાઓ મેળવવામાં મદદ કરવા માટે એક Pre-school Home Visiting Service (પ્રી-સ્કૂલ હોમ વિઝીટીંગ સર્વિસ).

*ચાલુ...*

- Special Educational Needs Co-ordinator (સ્પેશ્યલ એજ્યૂકેશન નીડસ કોઓર્ડીનેટર -SENCO) એક શિક્ષક છે કે જેઓ ઈંગ્લેન્ડ અને વેલ્સમાં કોઈ એક બાળકને વધારાની મદદની જરૂર હોય તો તેનું સંયોજન કરવા માટે જવાબદાર છે. સ્કોટલેન્ડમાં એક હોમ વિઝીટીંગ શિક્ષક, બાળકના ક્લાસ ટીચર અથવા સ્કૂલના અન્ય સભ્યો આ ભૂમિકા નિભાવે છે.
- એક Educational Therapist (એજ્યૂકેશનલ થેરાપીસ્ટ) કદાચ તમારા બાળક ઉપર દેખરેખ રાખે અને ક્યો શિક્ષણ અથવા વર્તણૂંકનો કાર્યક્રમ વધુ યોગ્ય છે તે વિષે સલાહ આપશે.





## વર્તણૂંક

જો તમારા બાળકની વર્તણૂંક અને શિખવાની તેઓની ક્ષમતા કૌટુંબિક જીંદગી ઉપર ગંભિર અસર કરતી હોય.

પડકારભરી વર્તણૂંક કદાચ અમુક તબિબિ બિમારીઓને કારણેં હોઈ શકે છે. મુશ્કેલ વર્તણૂંકનો કદાચ કેટલીક વખત સરળ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરવા મારફત નિકાલ લાવી શકાય છે. માતા-પિતાએ મદદ માંગવામાં શરમ ન અનુભવવી જોઈએ.

એક ડોક્ટર, Health Visitor (હેલ્થ વિઝીટર) અથવા બાળકની સ્કૂલ તમને કદાચ નીચેનાને મળવા માટેની ભલામણ કરે:

- તમને મદદ કરવા માટે એક Social Worker (સામાજીક કાર્યકર- સોશીયલ વર્કર), જેઓ તમને ઉછેરને લગતી કુશળતાઓ માટેના ક્લાસ સુધીની પહોંચ, અથવા તમારા બાળકની વર્તણૂંકને કાબુ હેઠળ રાખવા માટેની વ્યૂહરચનાઓ શોધવા માટે મદદ કરી શકશે.
- એક Educational Psychologist (એજ્યૂકેસનલ સાઈકોલોજીસ્ટ) અથવા Clinical Psychologist (ક્લિનિકલ સાઈકોલોજીસ્ટ) જેઓ સમસ્યાને કાબુ રાખવામાં મદદ કરી શકશે.
- એક ડીપીઆટ્રીશ્યન અથવા સાઈકીઆટ્રીસ્ટ જેઓ તમારા બાળકની વર્તણૂંકને કાબુમાં રાખવા માટેના સર્વોત્તમ માર્ગની આંકણી કરી શકશે અને સલાહ પૂરી પાડી શકશે.



## રાત્રે સૂવુ

જો તમારૂ બાળક સૂવા માટે લાંબો સમય લેતુ હોય અથવા રાત્રિ દરમ્યાન વારંવાર ઉઠી જતુ હોય.

એક બાળક કે જે સૂતુ ના હોય તેના માતાપિતા થાકી જતા હોય છે અને છતાંપણ કેટલીક વખત તેનો નિકાલ લાવી શકાય છે:

- એક Health Visitor (હેલ્થ વિઝીટર) ઉંઘવાની સારી પેટર્ન સ્થાપીત કરવા માટેની વ્યૂહરચનાઓનું સૂચન કરી શકે છે.
- તમારા ડોક્ટર કદાચ તમને એક Peadiatrician (પીડીઆટ્રીશ્યન) અથવા Psychiatrist (સાઈકીઆટ્રીસ્ટ)ને તમારી ભાલમણ મોકલાવી શકે છે જેઓ તમારા બાળકની ઉંઘમાં મદદ કરવા માટે બાળકની જરુરીયાતોની આંકણીં કરશે અને વિવિધ સારવારો અથવા વર્તણૂંકને લગતી યોજનાઓ સૂચવશે.

## ખાસ શબ્દો વિષે કક્કાવાર વર્ણન

જ્યારે શબ્દનું ભાષાંતર નથી કરી શકાતુ ત્યારે કૌંસમાં તેજ શબ્દ ગુજરાતીમાં ભાષાંતર કર્યા વગર લખાયેલ છે.

એક Audiologist (ઓડીયોલોજીસ્ટ) સાંભળવાની ક્ષમતાને લગતા ટેસ્ટ કરે છે અને એક બાળકને જો જરુરી હોય તો, હિયરીંગ એઈડસ (સાંભળવામાં મદદ કરતા સાધનો) મેળવવામાં મદદ કરી શકે છે.

એક Clinical Psychologist (ક્લિનિકલ સાઈકોલોજીસ્ટ) ખાવા, ટોઈલેટને લગતી તથા વર્તણૂંકને લગતી સમસ્યાઓ વિષે સલાહ આપી શકે છે. માતાપિતાને કદાચ તેઓ સાથે બાળકની મુશ્કેલીની તેઓની કૌટુંબિક જીંદગી ઉપર શું અસર થાય છે તે વિષે વાતચીત કરવાથી ફાયદો થાય.

એક Community Dentist (કોમ્યૂનિટી ડેન્ટીસ્ટ) ખોરાક અને આરોગ્યપ્રદ દાંતની યોજના બનાવવા વિષે તથા મુખ્ય શાખાની દાંતની સેવાઓ મેળવવામાં જે બાળકને મુશ્કેલી પડતી હોય તેઓ માટે સલાહ પૂરી પાડી શકે છે.

એક Continence Advisor (કોન્ટીનન્સ એડવાઈઝર) જો તમારૂ બાળક ઝાડા અને પેશાબ ઉપર કાબુ ન રાખી શકતુ હોય તો સલાહ અને વ્યવહારૂ મદદ પૂરી પાડે છે. જો બાળક 3 વર્ષ કરતા વધુ ઉંમરનું હોય તો તેઓ જરુરી હશે તો યોગ્ય નેપીઓ અને સાધનો શોધવામાં મદદ કરી શકે છે.

Diatetion (ડાયેટીશ્યન) જ્યારે એક બાળક ખાવા માટે આનાકાની કરતુ હોય, ખાસ આહાર ખાવાની જરૂર હોય અથવા ચાવવા અને/અથવા ગળવામાં બાળકને મુશ્કેલી હોય ત્યારે ખોરાક, પૌષ્ટિક આહાર અને પોષણ વિષે સલાહ આપી શકે છે.

Educational Psychologist (એજ્યૂકેસનલ સાઈકોલોજીસ્ટ) બાળકના વિકાસની આંકણી કરી શકે છે અને બાળકના માતાપિતા અને શિક્ષકને શિક્ષણ અને વર્તણૂંકને લગતી મદદ અને સલાહ પૂરી પાડી શકે છે.

એક ફેમિલી ડોક્ટર (GP) મદદ અને સલાહ આપવા માટેની વિનંતી કરવા માટેની સૌથી પહેલી વ્યક્તિ છે. તેઓ અન્ય નિષ્ણાત મારફત તમારા બાળકને તપાસવામાં આવે તેવી માંગણી કરી શકશે.

Health Visitor (હેલ્થ વિઝીટર) એક નર્સ છે કે જેઓએ કોમ્યૂનિટીમાં કુટુંબો સાથે કામ કરવા માટે વધારાની તાલિમ લીધેલ છે. તેઓ ખવડાવવુ, સૂવા, દાંત આવવા, વિકાસ અને વર્તણૂંક જેવી બાબતો ઉપર વ્યવહારૂ સલાહ પૂરી પૂરી પાડી શકશે.





કેટલાક Health Visitor (હેલ્થ વિઝીટર) પાસે નિષ્ણાત ભૂમિકાઓ હોય છે જેવીકે અક્ષમતા ધરાવતા બાળકો સાથે સામેલગીરી.

Nursery or Play School/Group (નર્સરી અથવા પ્લે સ્કૂલ /ગ્રૂપ) પ્રી-સ્કૂલ બાળકોને તકો પૂરી પાડે છે, સામાન્ય રીતે 3-5 વર્ષી ઉંમરના બાળકો શૈક્ષણિક અને આનંદની પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. કેટલીક જગ્યાઓએ વધારાની જરૂરીયાતો ધરાવતા બાળકોને સ્ટીમ્યૂલેટ કરવા અને તેઓના વિકાસમાં મદદ કરવા માટે તેઓ સાથે કામ કરવા માટે ખાસ તાલિમ મેળવેલ કર્મચારીઓ હોય છે.

Occupational Therapist (ઓક્યૂપેશનલ થેરાપીસ્ટ), હાથ અને આંખના સુમેળ, સમજશક્તી અને કાર્યક્ષમરીતે ઉપયોગ કરવાની કુશળતા ઉપર ખાસ ધ્યાન આપે છે. તેઓ નાના બાળકોને ખવડાવવા, કપડા પહેરાવવા, ટોઈલેટના કામો, નવડાવવા અને રમવામાં અને થોડા મોટા બાળકોને લખવાની કુશળતામાં મદદ કરવા માટે અનુકૂળ સાધનો પૂરા પાડે છે.

Peaditrician (પીડીઆટ્રીશ્યન) એક ડોક્ટર છે કે જેઓ શીશુઓ, બાળકો અને યુવાન વ્યક્તિઓની દેખરેખ રાખવા માટેના નિષ્ણાત છે. Peaditrician (પીડીઆટ્રીશ્યન) બાળકો અને તેઓના કુટુંબની વ્યવસ્થા, દેખભાળ અને શિક્ષણમાં સામેલ અન્ય સંસ્થાઓ સાથે વાતચીત કરી શકે છે.
પેરેન્ટીંગ સ્કીલ્સ ક્લાસીસ કેટલીક વખત સ્થાનિક રૂપે ચલાવવામાં આવે છે કે જેથી માતાપિતાને તેઓના બાળક સાથે સંબંધોમાં સુધારા કરવામાં તથા માતાપિતા મારફત સામાન્ય સમસ્યાઓનો સામનો કરવા માટે વ્યૂહચનાઓ સોધવામાં મદદ કરી શકાય.

એક સાઈકોથેરાપીસ્ટ હલનચલનની વ્યવસ્થા અને વિકાસમાં મદદ કરે છે. બાળકોને વિવિધ માર્ગે મદદ કરી શકાય છે. આમાં કદાચ નિર્બળ સ્નાયૂઓને મજબૂત બનાવવા માટેની કસરતો અથવા કો-ઓર્ડીનેશન અને મોટરની કુશળતાઓનો વિકાસ કરવા માટે રમતોનો સમાવેશ થાય.



Pre-school Home Visiting Service (પ્રી સ્કૂલ હોમ વિઝીટીંગ સર્વિસ કેટલીક વખત જે બાળકોના વિકાસમાં ઢીલ થઇ હોય તેઓ માટે ઉપલભ્ય છે. ઇન્ગ્લેન્ડમાં આને Portage (પોર્ટેજ) કહેવામાં આવે છે. એક શિક્ષક અથવા Portage Home visitor (પોર્ટેજ હોમ વિઝીટર) માતાપિતા સાથે ઘરની અંદર કામ કરે છે અને નાના બાળકો માટે રમત, વાતચીત, સંબંધો અને શિક્ષણના વિકાસ માટે વ્યવહારૂ મદદ અને વિચારો પૂરા પાડે છે

Psychiatrist (સાઇકીઆટ્રીસ્ટ) એક ડોક્ટર છે કે જેઓ લોકો જે રીતે વિચારે છે, અનુભવે છે અને જેવી વર્તણૂંક કરે છે તેની ઉપર અસર કરતી સમસ્યાઓના નિષ્ણાત હોય છે. એક બાળક અને યુવા લોકો માટેના Psychiatrist (સાઇકીઆટ્રીસ્ટ) બાળકો અને યુવાન વ્યક્તિઓ સાથે કામ કરવા માટેના નિષ્ણાત હોય છે. Psychiatrist (સાઇકીઆટ્રીસ્ટ) કદાચ કઇ મદદ યોગ્ય છે તે નક્કી કરતા પહેલા આખા કુટુંબને મળવા માંગે. તેઓ દવાઓ લખી આપી શકે છે અને કદાચ એવૂ સૂચવે કે બાળકને Clinical Psychologist (ક્લિનિકલ સાઇકોલોજીસ્ટ) મારફ્ત તપાસવામમાં આવે.

Social Worker (સોશિયલ વર્કર-સામાજીક કાર્યકર) બાળકો અને કુટુંબોને વ્યવહારૂ અને નાણાંકિય મુદ્દાઓ ઉપર સલાહ પૂરી પાડે છે, તેઓને સ્થાનિક સેવાઓ વિષે માહિતી આપે છે અને કેટલીક વખત તેઓને જરૂરી મદદની વ્યવસ્થા કરે છે.

Special Educational Needs Co-ordinator ( શૈક્ષણિક જરૂરીયાતોના સંયોજક - SENCO) ઇન્ગ્લેન્ડ અને વેલ્સમાં ખાસ શૈક્ષણિક જરૂરીયાતો ધરાવતા બાળકોને માટે મદદનું સંયોજન કરવા માટે જવાબદાર છે. આ બાળક સ્કૂલ શરૂ કરે તેના પહેલા ઘણીં નાની વયે શરૂ થઇ શકે છે અને તેઓ સ્કૂલમાં હાજરી આપે ત્યારે ચાલુ રહે છે. સ્કોટલેન્ડમાં પ્રી-સ્કૂલ હોમ વિઝીટીંગ ટીચર બાળકો સ્કૂલ શરૂ કરે તે પહેલા આ ભૂમિકા નિભાવે છે. એક વખત તેઓ સ્કૂલમાં હાજરી આપે પછી બાળકના વર્ગ શિક્ષક અથવા વધારાની મદદ પૂરી પાડવા માટેના શિક્ષણનું કાર્ય કરતા કર્મચારીઓ આ કામ માટે જવાબદાર છે.



## અધિક માહિતી અને સહાય

જો તમારી પાસે એક ડિસેબલ (અક્ષમ) બાળક હોય તો તમને વધુ માહિતી મેળવવામાં મદદ કરી શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે :

- વાતચીત, ઝાડા અથવા પેશાબ ઉપર કાબુ ન હોવા અથવા વર્તણૂંકની સમસ્યા ઉપર કાબુ મેળવવા માટે સલાહ પૂરી પાડતી સંસ્થાઓ
- ખાસ તબિબિ બિમારીઓને લગતા સપોર્ટ ગ્રૂપો
- તમારા હક્કો અને યોગ્યતાઓ વિષે સલાહ

Speech and Language Therapist (સ્પીચ અને લેન્ગ્વેજ થેરાપીસ્ટ) બાળકોને વાતચી અથવા અન્ય માર્ગે વાતચીત કરવાનું શિખવા માટે મદદ પૂરી પાડે છે. તેઓ ખાવા, પીવા અથવા ગળવામાં મુશ્કેલી હોય તો પણ મદદ કરી શકે છે.

કેટલાક વિસ્તારોમાં સ્થાનિક બાળકોના કેન્દ્રો પાંચ વર્ષ કરતા નીચેની ઉંમરના બાળકો અને તેઓના કુટુંબોને શિક્ષણ, આરોગ્ય અને બાળસંભાળ વિષે સલાહ અને મદદ પૂરી પાડે છે. સ્કોટલેન્ડમાં તેને ફેમિલી સેન્ટરો અથવા અરલી યર્સ સેન્ટરો કહેવામાં આવે છે. 2010 સુધીમાં દરેક કોમ્યૂનિટી સેન્ટરોમાં એક હોવા જોઇએ.